# ગુજરાત જાહેર સેવા આયોગ

સેક્ટર–૧૦–એ, છ–૩ સર્કલ પાસે, "છ" રોડ, ગાંધીનગર–૩૮૨૦૧૦
ફોન નં : (૦૭૯)૨૩૨ ૫૮૯૮૦ WebSite : https://gpsc.gujarat.gov.in

**આયોગની તા.૨૬/૦૭/૨૦૨૬ના રોજ યોજાનાર નીચે મુજબની કુલ–૩૪ જાહેરાતોની "સામાન્ય અભ્યાસ"ની સંયુક્ત પરીક્ષા માટે પ્રવેશપત્ર ડાઉનલોડ કરવા તથા કોમન ઉમેદવારોએ પ્રવેશપત્ર ડાઉનલોડ કરતા પહેલા આપવાની થતી બાંહેધરી માટેની અગત્યની સૂચનાઓ:**

| ક્રમ | જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | પ્રાથમિક કસોટીની તારીખ (સામાન્ય અભ્યાસ) અને સમય |
|---|---|---|---|
| ૧ | ૨૩/૨૦૨૬–૨૭ | સંશોધન અધિકારી, વર્ગ–૨, સામાન્ય વહીવટ વિભાગ | તા. ૨૬/૦૭/૨૦૨૬ સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ |
| ૨ | ૨૪/૨૦૨૬–૨૭ | મદદનીશ ઈજનેર (સિવિલ), વર્ગ–૨, માર્ગ અને મકાન વિભાગ | |
| ૩ | ૨૫/૨૦૨૬–૨૭ | ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ–૧, ઉદ્યોગ અને ખાણ વિભાગ | |
| ૪ | ૨૬/૨૦૨૬–૨૭ | મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ–૨, ઉદ્યોગ અને ખાણ વિભાગ | |
| ૫ | ૭/૨૦૨૬–૨૭ | પ્રિન્સિપાલ/નર્સિંગ ઓફિસર, ગુજરાત નર્સિંગ સેવા, વર્ગ–૨ | |
| ૬ | ૮/૨૦૨૬–૨૭ | પ્રિન્સિપાલ, ગુજરાત નર્સિંગ સેવા, વર્ગ–૧ | |
| ૭ | ૯/૨૦૨૬–૨૭ | નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ, ગુજરાત નર્સિંગ સેવા, વર્ગ–૨ | |
| ૮ | ૩૩/૨૦૨૬–૨૭ | પ્રવર ઔષધ નિરીક્ષક, ગુજરાત ઔષધ સેવા, વર્ગ–૨ (આ.પ.ક.વિ) | |
| ૯ | ૩૪/૨૦૨૬–૨૭ | નાયબ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, વર્ગ–૧ | |
| ૧૦ | ૩૯/૨૦૨૬–૨૭ | ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી, વર્ગ–૨ | |
| ૧૧ | ૪૦/૨૦૨૬–૨૭ | મદદનીશ નિયામક(બોઈલરો), વર્ગ–૨ | |
| ૧૨ | ૪૧/૨૦૨૬–૨૭ | ગુજરાત શિક્ષણ સેવા, વર્ગ –૧(વ. શા.) (દિવ્યાંગ ખાસ ભરતી) | |
| ૧૩ | ૧૦/૨૦૨૬–૨૭ | મહિલા અને બાળ અધિકારી/નાયબ નિયામક (મહિલા કલ્યાણ), વર્ગ–૧ (દિવ્યાંગ ખાસ ભરતી) | |
| ૧૪ | ૧૧૦/૨૦૨૫–૨૬ | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ–૨ (કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) | |
| ૧૫ | ૨/૨૦૨૬–૨૭ | પશુચિકિત્સા અધિકારી, વર્ગ–૨ (વન અને પર્યાવરણ વિભાગ) | |
| ૧૬ | ૧૩/૨૦૨૬–૨૭ | નાયબ બાગાયત નિયામક, વર્ગ–૧ | |
| ૧૭ | ૧૪/૨૦૨૬–૨૭ | જુનિયર સ્ટાફ ઓફિસર (વહીવટ), વર્ગ–૨ | |

| ક્રમ | જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | પ્રાથમિક કસોટીની તારીખ (સામાન્ય અભ્યાસ) અને સમય |
|---|---|---|---|
| ૧૮ | ૨૭/૨૦૨૬-૨૭ | નાયબ પશુપાલન નિયામક, વર્ગ-૧, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | તા. ૨૬/૦૭/૨૦૨૬ સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૯ | ૨૮/૨૦૨૬-૨૭ | સંયુક્ત ખેતી નિયામક, વર્ગ-૧, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ (દિવ્યાંગ ખાસ ભરતી) | |
| ૨૦ | ૧૨૮/૨૦૨૫-૨૬ | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ (મ.ન.પા.) | |
| ૨૧ | ૩૫/૨૦૨૬-૨૭ | એસ્ટેટ અધિકારી વર્ગ-૨ (મ. ન. પા.) | |
| ૨૨ | ૩૬/૨૦૨૬-૨૭ | આઇ. સી. ટી. અધિકારી વર્ગ-૨ (મ. ન. પા.) | |
| ૨૩ | ૩૭/૨૦૨૬-૨૭ | લીગલ ઓફિસર વર્ગ-૨ (મ. ન. પા.) | |
| ૨૪ | ૩૮/૨૦૨૬-૨૭ | વહીવટી અધિકારી વર્ગ-૨ (મ. ન. પા.) | |
| ૨૫ | ૧૫/૨૦૨૬-૨૭ | જનરલ મેનેજર, વર્ગ-૧ (GMB) (દિવ્યાંગ ખાસ ભરતી) | |
| ૨૬ | ૧૬/૨૦૨૬-૨૭ | ડેપ્યુટી જનરલ મેનેજર, વર્ગ-૧ (GMB) (દિવ્યાંગ ખાસ ભરતી) | |
| ૨૭ | ૧૭/૨૦૨૬-૨૭ | મેનેજર, વર્ગ-૧ (GMB) (દિવ્યાંગ ખાસ ભરતી) | |
| ૨૮ | ૧૮/૨૦૨૬-૨૭ | મદદનીશ ઈજનેર(સિવિલ), વર્ગ-૨ (GWSSB) | |
| ૨૯ | ૧૯/૨૦૨૬-૨૭ | નાયબ કાર્યપાલક ઈજનેર(યાંત્રિક), વર્ગ-૨ (GMB) | |
| ૩૦ | ૨૦/૨૦૨૬-૨૭ | નાયબ કાર્યપાલક ઈજનેર(બાંધકામ), વર્ગ-૨ (GMB) | |
| ૩૧ | ૨૧/૨૦૨૬-૨૭ | મદદનીશ ઈજનેર(યાંત્રિક), વર્ગ-૨ (GWSSB) | |
| ૩૨ | ૩૦/૨૦૨૬-૨૭ | મદદનીશ ઈજનેર(યાંત્રિક), વર્ગ-૨ (GMB) | |
| ૩૩ | ૩૧/૨૦૨૬-૨૭ | મદદનીશ ઈજનેર(બાંધકામ), વર્ગ-૨ (GMB) | |
| ૩૪ | ૩૨/૨૦૨૬-૨૭ | ગ્રેજ્યુએટ એન્જીનિયર ટ્રેઇની, વર્ગ-૨ (GMB) (દિવ્યાંગ ખાસ ભરતી) | |

**નોંધ:** પ્રસ્તુત કોમન પરીક્ષા માટે ઉમેદવારોએ **(જા.ક્ર.૯૯૯૩/૨૦૨૬૨૭ COMMON GENERAL STUDIES PAPER FOR DIFFERENT ADVERTISEMENTS 26-JULY-2026)** જાહેરાત નંબર ધ્યાને લેવાનો રહેશે.

**ખાસ સૂચના :**

**૧. જો ઉમેદવારોએ ઉક્ત કોષ્ટકમાં દર્શાવેલ ૩૪ જાહેરાતો પૈકી એક કરતાં વધારે જાહેરાતોમાં અરજી કરેલ હશે તો પણ એક જ પ્રવેશપત્ર જનરેટ થશે. પ્રસ્તુત કોમન પરીક્ષા માટે ઉમેદવારોએ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ બપોરે ૧:૦૦ કલાકથી પ્રવેશપત્ર https://gpsc-ojas.gujarat.gov.in પરથી ડાઉનલોડ કરવાનો રહેશે. ઉમેદવારોએ જે જાહેરાતમાં અરજી કરેલ હોય તે જાહેરાતો પૈકીની કોઈ પણ એક જાહેરાત ક્રમાંક પસંદ કરી તે જાહેરાતનો કન્ફર્મેશન નંબર તથા જન્મ તારીખની વિગત Enter કરીને કોલલેટર(પ્રવેશપત્ર) તથા તે સાથેની સૂચનાઓ ફરજિયાત ડાઉનલોડ કરવાની રહેશે.**

**૨. ઉપર મુજબની કુલ–૩૪ જાહેરાતો પૈકી એક થી વધુ જાહેરાતોમાં ઉમેદવારી નોંધાવેલ હોય તેવા કોમન ઉમેદવારોએ તા.૨૬/૦૭/૨૦૨૬ના રોજની કોમન પરીક્ષા-"સામાન્ય અભ્યાસ"માં મેળવેલ ગુણ ધ્યાને લેવા માટે બાંહેધરી ભરવાની રહેશે. બાંહેધરી ભરેલ હોય તેવા ઉમેદવારોએ આ કોમન પરીક્ષા-"સામાન્ય અભ્યાસ"માં મેળવેલ ગુણ ઉપર મુજબની કુલ–૩૪ જાહેરાતો પૈકી જે જાહેરાત/જાહેરાતો માં ઉમેદવારી નોંધાવેલ હોય તેવી જાહેરાત/જાહેરાતોમાં પણ ધ્યાને લેવામાં આવશે. (નીચે મુદ્દા.૩ માં દર્શાવેલ જોગવાઈને આધીન)**

**૩. ઉપર મુજબની કુલ–૩૪ જાહેરાતો પૈકી એક થી વધુ જાહેરાતોમાં ઉમેદવારી નોંધાવેલ હોય તેવા કોમન ઉમેદવારોએ જે જાહેરાતમાં આયોગ દ્વારા Consent તથા Consent Deposit લેવા અંગે નિર્ણય કરવામાં આવેલ હોય, તે જાહેરાતોમાં Consent તથા Consent Deposit ભરેલ નહિ હોય તો તેવા ઉમેદવારોને જે તે જાહેરાતો માટે સામાન્ય અભ્યાસના ગુણ આયોગ દ્વારા ધ્યાને લેવામાં આવશે નહિ.**

**૪. બાંહેધરી ભરવા માટે નીચે મુજબની વિગતો ધ્યાને લેવાની રહેશે:**

જો ઉમેદવારોએ ઉક્ત કોષ્ટકમાં દર્શાવેલ ૩૪ જાહેરાતો પૈકી એક કરતાં વધારે જાહેરાતોમાં અરજી કરેલ હશે તો પણ એક જ પ્રવેશપત્ર જનરેટ થશે. પરંતુ, પ્રવેશપત્ર ડાઉનલોડ કરતા પહેલા આયોગના વેબ પોર્ટલ https://gpsc-ojas.gujarat.gov.in/ >> Call Letter/Form >> Preliminary Examination Call Letter ના વિકલ્પમાં જઈ પોતાનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખની વિગત ભર્યા બાદ જ ઉપરોક્ત ૩૪ જાહેરાતો પૈકી એક કરતાં વધારે જાહેરાતમાં અરજી કરેલ હશે તો તેની વિગત દેખાશે.

બાંહેધરી માટે નીચે દર્શાવેલ ચિત્ર (આ ચિત્ર દૃષ્ટાંત માટે છે) મુજબની Screen દેખાશે .




ઉક્ત ૩૪ જાહેરાતો પૈકીની જાહેરાતમાં, જે કોઈ જાહેરાતમાં ઉમેદવારે અરજી કરેલ હોય અને તે અરજીની વિગત ન દેખાય તો ઉમેદવારે જે તે જાહેરાતની વિગત "ADD APPLICATION" નો ઉપયોગ કરીને ઉમેરવાની રહેશે. ત્યારબાદ સદરહુ તમામ જાહેરાતોમાં જેમાં ઉમેદવારે અરજી કરી હોય તેની ચકાસણી કર્યા બાદ પ્રવેશ પત્ર ડાઉનલોડ કરવાનો તથા print કરી લેવાનો રહેશે. ઉમેદવાર દ્વારા કન્ફર્મ કરેલ વિગતો તથા માન્ય પ્રવેશપત્રનાં આધારે જ ઉમેદવારના ગુણ કોમન જાહેરાતોમાં તેઓએ કરેલ અરજીમાં માન્ય ગણવામાં આવશે. તેમાં ચૂક થયેથી તેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે.

ઉપર્યુક્ત બાંહેધરી આપવાની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે અને તેમાં ચૂક થયેથી કે ઉમેદવારે જે તે વિગતો ભરેલ ન હોય, તો તેવા ઉમેદવારોને અન્ય જાહેરાતોમાં સામાન્ય અભ્યાસના ગુણ મળવાપાત્ર થશે નહીં તેમજ આ અંગેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. આ સિવાય અન્ય કોઇ માધ્યમથી કે ઓફલાઇન બાંહેધરી ની વિગતો સ્વિકારવામાં આવશે નહીં.

**<u>ખાસ નોંધ:</u> પ્રસ્તુત સૂચના ફક્ત ઉક્ત ૩૪ જાહેરાતોના "સામાન્ય અભ્યાસ" ની સંયુક્ત પરીક્ષા માટે છે. ઉક્ત જાહેરાતોના "સંબંધિત વિષય" ની પરીક્ષા માટે જરૂર જણાયે જે તે સમયે અલગથી સુચના આપવામાં આવે છે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.**

ઉપર મુજબની તમામ સૂચનાઓની સંબંધિત તમામ ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

નાયબ સચિવ
તા. ૧૩/૦૭/૨૦૨૬ ગુજરાત જાહેર સેવા આયોગ
ગાંધીનગર